# આજે ગાંધીનગર જિલ્લામાં કૃષિ મહોત્સવનો શુભારંભ

ગાંધીનગર, તા. ૫

સમગ્ર રાજયમાં આઠમો કૃષિ મહોત્સવ-૨૦૧૨નો આરંભ તા.૬ મે-૨૦૧૨ રોજ થનાર છે. જે અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં જિલ્લા કક્ષાના કૃષિ મહોત્સવનો શુભારંભ શિક્ષણ રાજય મંત્રીશ્રી અને જિલ્લા -ભારી મંત્રી શ્રી જયસિંહ ચૌહાણના ઉપસ્થિતિમાં સવારે ૧૦.૦૦ કલાકે ગાંધીનગર તાલુકાના ઉનાવા ગામ ખાતેથી થશે. મંત્રી શ્રી જયસિંહ ચૌહાણ કૃષિરથને લીલી ઝંડી આપી -સ્થાન કરાવશે. તે ઉપરાંત મંત્રીશ્રીના હસ્તે સૂક્ષ્મતત્વની સ્થિતિ દર્શાવતા ફર્ટીલીટી મેપનું વિમોચન પણ કરવામાં આવનાર છે.

૩૦ દિવસ સુધી જિલ્લામાં યોજાનાર કૃષિ મહોત્સવ અન્વયે ચાર તાલુકાના અલગ અલગ તાલુકા થીમની રૂપરેખા નક્કી કરવામાં આવી છે. કૃષિ મહોત્સવની સાથે સાથે સરકારી સહાય યોજનાઓ, એટીવીટી, જનસેવા કેન્દ્રોની સમજ આપવાનું એક અનેરૂ આયોજન કરવામાં આવ્યું છે. મતદારોમાં મતદાન અંગેની જાગૃતિ માટે માહિતી-માર્ગદર્શન આપતી પેનલ પણ કૃષિરથની સાથે સામેલ કરવામાં આવી છે.

કૃષિ મહોત્સવ-૨૦૧૨નું આયોજન જિલ્લાની તાલુકા પંચાયત સદસ્યની બેઠક મુજબ કલ્સ્ટરવાઈઝ બેઠકના ગામમાંથી કોઈ પણ એક ગામ પસંદ કરીને ત્યાં યોજાનાર છે. કૃષિ મહોત્સવ અંતર્ગત સવારના ૮.૩૦ કલાક થી રાત્રિના ૯.૦૦ કલાક સુધી વિવિધ કાર્યક્રમ યોજવામાં આવશે. જેમાં સવારના ૮.૩૦ કલાકથી પશુ આરોગ્ય કેમ્પનું આયોજન કરવામાં આવશે. ત્યાર બાદ બપોરના ૩.૦૦ કલાકથી કેનાલ સાફ કરવાના, તળાવ ભરવા બાબતે, ટયુબવેલ શરૂ કરવા, જીજીઆરસી ના કામો વગેરે સિંચાઈને સંબંધિત પરિસંવાદ યોજવામાં આવશે. બપોરના ૪.૦૦ કલાકેથી કૃષિ રથ ટીમ દ્વારા કૃષિ તેમજ અન્ય વિભાગને લગતાં -દર્શન, નિદર્શન અંગે માર્ગદર્શન તથા કિટનું વિતરણ કરવામાં આવશે. તે પછી સાંજના ૫.૦૦ કલાકે સ્થાનિક -ગતિશીલ ખેડૂતોના અનુભવોનું આદાન--દાન કાર્યક્રમ યોજાશે. ત્યાર બાદ કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને ઉપયોગી થાય તેવા વિષય પર ઝીણવટભરી માહિતી અપાશે. ખેડૂતોને મુંઝવતા -ોની ઉંડાણપૂર્વક ચર્ચા કરાશે. સાંજના ૭.૦૦ કલાકે એપીએમસી અને બાગાયત નિષ્ણાતો દ્વારા હાઈટેક હોર્ટીકલ્ચર, બજાર વ્યવસ્થા તથા સ્થાનિક પાક અંગેનો ફિલ્મ શો રજૂ કરાશે. અંતમાં રાત્રિના ૮.૦૦ વાગ્યાથી સરકારની સહાય યોજનાઓની સમજ અને અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાનાર છે.

## અમૃત મહોત્સવ નિમિત્તે અરૂણોદય સેવા ટ્રસ્ટ દ્વારા ૧૨મીએ રકતદાન શિબિર

ગાંધીનગર, તા. ૫

અરૂણોદય સેવા ટ્રસ્ટ આયોજિત અમૃત મહોત્સવ નિમિતે આયોજિત રકતદાન શિબિર તા. ૧૨ મેના રોજ ગાંધીનગર સીવીલ હોસ્પિટલમાં સવારે ૯.૦૦ થી ૧૨.૩૦ કલાક દરમ્યાન યોજાશે.

રકતદાતાઓને આપની નોંધ સવેળા શ્રી તરંગભાઈ હાથી (૯૪૨૬૬ ૨૨૩૫૫), શ્રી શશીકાન્તભાઈ મોઢ, શ્રી નિલેન્દુ વોરા, કુ. ચેતના બુચને જાણ કરવા વિનંતી છે. અમૃત મહોત્સવના આ અભ્યાનને સફળ બનાવવા અપીલ કરવામાં આવેલ છે.

## આજે આનંદનો ગરબો યોજાશે

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લાના માણસા રોડ પર આવેલા બાલવા ગામની પાસેના ગિરનારી આશ્રમ ખાતે આજે તા. ૬ઠ્ઠી મે-૨૦૧૨ને રવિવારે સવારે ૯થી ૧૨ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે. ગાંધીનગર-માણસા રોડ પર ટુહકો હોટલની બાજુમાં આવેલા ગિરનારી આશ્રમમાં પ.પૂ. ગીતાદીદી-અમરેલીવાળાના સાનિધ્યમાં આનંદના ગરબાનું આયોજન કરવામાં આવ્યુંછે. સર્વે માઈ ભક્તોને આ ભક્તિમય કાર્યક્રમનો લાભ લેવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# અમારા પરિવારજનોને ત્રાસ ન આપતા અમારી મરજીથી આ પગલુ ભર્યું છે !!

### બાયડ તાલુકાના પ્રેમીપંખીડાઓએ રાયપુર કેનાલમાં જંપલાવ્યું : કૌટુંબિક સગા થતા યુવક-યુવતિ વચ્ચે નાનપણથી પ્રેમ પાંગર્યો હતો

ગાંધીનગર, તા. ૫

રાયપુર નર્મદા કેનાલમાં પ્રેમીપંખીડાઓએ જંપલાવી જીવન ટૂંકાવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. પ્રેમીયુગલે મોતને ભેટતા પૂર્વે લખેલી ચિઠ્ઠી પણ પોલીસના હાથ લાગી છે. જેમાં જણાવ્યા મુજબ 'અમે અમારી મરજીથી આ પગલુ ભર્યું છે. અમારા પરિવારજનોને ત્રાસ આપતાં નહી.' પ્રેમીયુવક-યુવતિના મૃતદેહ સાથે મળી આવેલ બગલથેલામાંથી દસ્તાવેજો મળી આવતા તેના આધારે પોલીસે મૃતદેહની ઓળખવિધિ કરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર જિલ્લામાંથી પસાર થતી રાયપુર નર્મદા કેનાલમાં આજે સવારે સ્થળ પર ફરજ બજાવતા સિક્યુરીટી જવાન પ્રવિણ દોલતસિંહ ચૌહાણને યુવક-યુવતિનો મૃતદેહ તરતો હોવાનું માલુમ પડતા સિક્યુરીટી જવાને આ અંગે ડભોડા પોલીસને જાણ કરી હતી. ડભોડા પોલીસ સ્ટેશનના જમાદાર સાહરભાઈ ખુમાભાઈએ સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરતા બન્નેના મૃતદેહ સાથે એક બગલથેલો પણ મળી આવ્યો હતો. જયારે બગલથેલામાંથી મળી આવેલ સર્ટીફિકેટના આધારે મૃતદેહની ઓળખ થઈ હતી. જેના અંતે મૃત્યુ પામનાર યુવાન ભવનાથ રમેશભાઈ સોલંકી ઉ.વ. ૨૦ (રહે. વાવણી તા. બાયડ) તેમજ યુવતિનું નામ જયા અમૃતભાઈ સોલંકી (ઉ.વ. ૨૦ રહે. વાવણી ગામ) હોવાની હકીકત પોલીસના ધ્યાને આવી હતી. આ દરમિયાન પોલીસને એક સ્યુસાઈડ નોટ પણ મળી આવી હતી. જેમાં લખ્યું હતું કે 'અમે અમારી મરજીથી આ પગલુ ભર્યુ છે અમારા પરીવારજનોને ત્રાસ આપતા નહીં' એકબીજાને દુપટ્ટા વડે બાંધી કેનાલમાં કુદેલા પ્રેમીપંખીડા કૌટુંબિક રીતે સગા થતા હોવાનુંતેમજ બન્ને વચ્ચે નાનપણથી પ્રેમ સંબંધ હોવાનું સૂત્રોએ જણાવ્યું છે. મૃત્યુ પામનાર ભવનાથ રાજકોટની ડીપ્લોમાં કોલેજમાં અભ્યાસ કરતો હતો. જ્યારે યુવતિ જયા હિંમતનગર ખાતે કોલેજમાં અભ્યાસ કરતી હતી. બનાવ સંદર્ભે ડભોડા પોલીસે ગુનો નોંધી જમાદાર સાહરભાઈ ખુમાભાઈએ વધુ તપાસ હાથ ધરી છે.

## આજે ભગવાન બુદ્ધની જન્મજયંતિ નિમિત્તે કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા. ૫

અનુસૂચિત જાતિ એકતા મંચ દ્વારા ભગવાન બુદ્ધની જન્મ જયંતિ નિમિત્તે ૬ મેના રોજ રાત્રે ૮.૩૦ કલાકે 'ભગવાન બુદ્ધ અને બાબા સાહેબ આંબેડકર' વિષય પર પ્રવચનનું આયોજન બ્લોક નં. ૫૦/૪, સેકટર- ૭ પોસ્ટ ઓફિસ પાસે રાખેલ છે. આ કાર્યક્રમમાં બહુજન સમાજને ઉપસ્થિત રહેવા અનુસૂચિત જાતિ એકતા મંચે જણાવેલ છે. અતિથિ વિશેષ તરીકે પ્રા. તુષાર સંબોધી( પ્રમુખ ભારતીય બૌદ્ધ મહાસભા) ઉપસ્થિત રહેશે.

## આજે સેકટર-૨૪માં સુંદરકાંડના પાઠનું આયોજન

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સેકટર-૨૪માં આવેલા પાઠ્યપુસ્તકાલય ખાતે જાણીતા યુવા કથાકાર સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે પંચમ સોપાન સુંદરકાંડના પાઠનું આજે તા. ૬ઠ્ઠી મે-૨૦૧૨ને રવિવારે રાત્રે ૮ કલાકે જાહેર આયોજન કરવામાં આવ્યું છે. નગરના ભક્તજનોને આ પ્રસંગે પધારવા આયોજકોએ ખાસ નિમંત્રણ પાઠવ્યું છે.

# શેરથા ટોલટેક્ષ નજીક ટ્રકચાલક પર હૂમલો ત્રણને ઈજા

### બળદ ભરેલી ટ્રકને અટકાવી ૬ અજાણ્યા ઈસમોને ધોકો અને લાકડી વડે ત્રણને માર માર્યો

ગાંધીનગર, તા. ૫

શેરથા ટોલટેક્ષ નજીકથી પસાર થતી બળદ ભરેલી શકમંદ ટ્રકને અટકાવી છ અજાણ્યા ઈસમોએ ટ્રકચાલક સહિત ત્રણને ધોકા અને લાકડી વડે માર માર્યો હોવાની ફરિયાદ અડાલજ પોલીસ મથકે નોંધાઈ છે.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર શેરથા ટોલટેક્ષ ભાગ પાસેથી પસાર થતા ટ્રક નંબર આર.જે.-૧૯-જીબી-૯૭૮૭ માં બળદ ભરેલા હોવાની જાણ થતા ટોલનાકા નજીક ૬ જેટલા અજાણ્યા વ્યક્તિઓએ ટ્રકને અટકાવ્યો હતો. અજાણ્યા વ્યક્તિઓએ ટ્રકને અટકાવી કારદખાન, અકલુખાન સુમેળ (રહે. કોનરા, જિલ્લો બાડમેર-રાજસ્થાન) સહિત ત્રણ વ્યક્તિઓને ધોકા ને લાકડી વડે માર માર્યો હતો. ઈજાગ્રસ્ત વ્યક્તિઓને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યારે ૧૫ જેટલા બળદો ભરેલી ટ્રક પોલીસે કબજે લઈ ટ્રકમાં ભરેલા બળદ કયાંથી કયા લઈ જવાતા હતા તે સંદર્ભે પણ તપાસ હાથ ધરી છે. સૂત્રોને મળેલી પ્રાથમિક માહિતી અનુસાર બળદોને સાંચોદ મેળામાંથી ભરીને લઈ જવાતા હતા. આ મામલે પી.એસ.આઈ. એમ.આર. કુવાડીયાએ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રોમીયોગીરી કરતા તત્ત્વો સામે પોલીસની લાલ આંખ

### વિશેષ રોમીયો સ્કોર્ડનો આજથી જ અમલ શરૂ

ગાંધીનગર, તા.૫

ગાંધીનગરના જાહેર સ્થળો, બાગ-બગીચા અને સિનેમા ગૃહો ઉપર સડક છાપ રોમિયો, લોફર જેવા અસામાજીક તત્વો દ્વારા થતા બિભત્સ વર્તન સામે લાલ આંખ કરી ગાંધીનગર જિલ્લા પોલીસ વડાએ વિશેષ રોમીયો સ્કોર્ડનો આજથી જ અમલ શરૂ કરવા હુકમ કર્યો છે. જે અન્વયે રોમીયો સ્કોર્ડ જાહેર સ્થળોએ જઈ છેડતી અને કનડગત જેવા કિસ્સાને રોકશે.

મળતી માહિતી મુજબ ઉનાળાની શરૂઆત થતા અને હાલ શાળા કોલેજમાં વેકેશન ચાલતુ હોવાથી સામાન્ય રીતે વિદ્યાર્થીનીઓ તેમજ યુવતીઓ બગીચા, સિનેમાગૃહો તથા જાહેર સ્થળો પર પોતાનો સમય પસાર કરવા જતા હોય છે અને ઘણી વખત જાહેર સ્થળો ઉપર સડક છાપ રોમિયો, લોફર જેવા અસામાજીક તત્વો દ્વારા બિભત્સ વર્તન થતા હોય છે. ઉપરાંત શાળા-કોલેજનું સત્ર ચાલુ હોય તે દરમિયાન પણ આવા કિસ્સાઓ નોંધાતા હોય છે. આથી ગાંધીનગર શહેર મહિલા સંગઠનની અગ્રણી મહિલાઓએ આ મામલે ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક અર્ચના શિવહરેને રૂબરૂ રજૂઆત કરતા તેની તાત્કાલિક અસરથી એલસીબી, એસઓજી તથા મહિલા પોલિસ સ્ટેશનના સ્ટાફના માણસોને વિશેષ રોમિયો સ્કોર્ડનો અમલ આજથી જ શરૂ કરી દેવા જિલ્લા પોલીસ વડા અર્ચના શિવહરેએ હુકમ કર્યો છે અને ગાંધીનગર વિસ્તારના બાગ-બગીચા તેમજ જાહેર જગ્યાઓ ઉપર સખત પેટ્રોલીંગ કરવા અને બિભત્સ વર્તન કરતા કે જાહેર જનતાની લાગણીઓને દુભાવતા કૃત્યો કરતા ઈસમો વરૂધ્ધ કાયેદસર કાર્યવાહી કરવા જણાવ્યું હતું

# જિલ્લા સમાજ સુરક્ષા તંત્રએ બે સ્થળોએ બાળલગ્ન અટકાવ્યા

### વિભાગે મળેલી અરજી સંદર્ભે કલોલ તાલુકાના ગોલથરા અને પ્રતાપપુરામાં તપાસ હાથ ધરી

ગાંધીનગર, તા. ૫

સામાજિક દૂષણ સમા બાળલગ્નને ડામવા જિલ્લા સમાજ સુરક્ષા તંત્રએતપાસ હાથ ધરી બેકિસ્સામાં બાળલગ્ન થતા અટકાવ્યા હતા. બાળલગ્નપ્રતિબંધકઅધિકારીએકલોલ તાલુકાના ગોલથરા અને પ્રતાપપુરામાં વરરાજા અને કન્યાઓના કન્યાઓના માતા-પિતાને આ મામલે લેખિતમાં નોટીસ પણ ફટકારી હતી.

જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીએ આ અંગે માહિતી આપતા જણાવ્યા અનુસાર કલોલ તાલુકાના પ્રતાપપુરા અને ગોલથરા ગામમાં તા. ૫ મે ના રોજ બે કન્યા તેમજ વરરાજાના બાળલગ્ન થવાના હોવાની જાણ ટપાલ મારફતે બાળલગ્ન પ્રતિબંધક અધિકારીને થઈ હતી. કંકોત્રીની ઝેરોક્ષ સાથે તંત્રના અધિકારીને મળેલી અરજીના આધારે બાળલગ્ન પ્રતિબંધક અધિકારી બી.એમ. દેસાઈએ સ્થળ પર તપાસ હાથ ધરી હતી. આ દરમિયાન બાળલગ્ન પ્રતિબંધક અધિકારીએ બન્ને કન્યા અને વરરાજાના માતા-પિતા પાસે તેમના સંતાનોના ઉંમરના પુરાવા રજૂ કરવા જણાવ્યું હતું. પરંતુ તેમને પોતાના દિકરા-દીકરીઓની જન્મતારીખ કે ઉંમર અંગે કોઈ માહિતી ન હતી. જ્યારે બન્ને યુગલોને નજરે જોતા પણ લગ્નલાયક ઉંમર ન હોવાનું સ્પષ્ટ થતું હતું. આ બાબતે વર કન્યાના માતાપિતાએ પણ તેમના દીકરા-દીકરીની ઉંમર લગ્નલાયક નહી હોવા અંગે લેખિત નિવેદન આપ્યું હતું. જેના અંતે બાળલગ્ન પ્રતિબંધક અધિકારીએ તેમને નોટીસ આપી બન્ને કિસ્સામાં થતા બાળલગ્નોને અટકાવી દીધા હતા. વધુમાં આ મામલે જિલ્લા પોલીસ અધિક્ષક કચેરીને પણ જાણ કરી આ સ્થળોએ બાળલગ્ન ન થાય તે માટે પોલીસ પોઈન્ટ મુકવા યોગ્ય પગલા લેવા પણ જણાવ્યું છે.

## અનુસૂચિત જાતિ સેલના મહામંત્રી તરીકે કે.પી. સોલંકીની નિમણૂંક

ગાંધીનગર, તા.૫


ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અર્જૂન મોઢવાડીયા, વિધાનસભા વિરોધ પક્ષના નેતા શકિતસિંહ ગોહીલ તથા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ અનુસૂચિત જાતિ સેલના ચેરમેન ઈશ્વરભાઈ મકવાણાના સહયોગથી નિવૃત્ત સેકશન અધિકારી તથા વાલ્મીકી સમાજના નિષ્ઠાવાન કે.પી. સોલંકીની અનુસૂચિત જાતિ સેલના મહામંત્રી તરીકે નિમણંક થતા સમગ્ર રાજયમાં વસતા વાલ્મીકી સમાજમાં આનંદ અને ગૌરવની લાગણી ફેલાઈ છે તેમ અખિલ મહિલા ઉત્કર્ષ પરિષદના પ્રમુખ ચંપાબેન પરમારે જણાવ્યું હતું.

ગુજરાતમાં કોંગ્રેસનું શાસન આવે એવું સર્જનાત્મક પ્રજાકીય પરિવર્તન આવી રહ્યું છે. જેમાં દલિત મતદાતાઓની સામુદાયિક શકિતને ધ્યાનમાં લઈ કોંગ્રેસ તરફી ભારે મતદાન થાય તે માટે દલિતોના ઘર સુધી પહોંચી જવાનો સમય પાકી ગયો છે. અંતે ચંપાબેને નિમણુંક પામેલા સમાજના આગેવાન કે.પી. સોલંકીને અભિનંદન પાઠવ્યા હતાં.

## આજે ટેનીસ કોચ સ્વ. અશોક ગજ્જરના સ્મરણાર્થે શોકસભા યોજાશે

ગાંધીનગર, તા.૫

સચિવાલય જીમખાના,



સેકટર-૨૧, ગાંધીનગરના સભ્ય અને જાણીતા ટેનીસ કોચ અશોકકુમાર શામળદાસ ગજ્જરનો સ્વર્ગવાસ તા. ૨૦મી એપ્રિલ-૨૦૧૨ને રવિવારે થયો હતો. સ્વર્ગસ્થ અશોક ગજ્જરને શ્રધ્ધાંજલિ આપવા માટે આજે તા. ૬ઠ્ઠી મે ૨૦૧૨ને રવિવારે સવારે ૮ કલાકે જીમખાના ખાતે શોકસભા રાખવામાં આવી છે. સચિવાલય જીમખાનાના તમામ સભ્યોને સચિવાલય જીમખાનાના માનદમંત્રી એચ.ડી. સેઈલરે ખાસ જણાવ્યું છે.

# સેવા કરવી હોય તો ક્ષેત્ર શોધવાની ક્યાં જરૂર છે !

સેવા જ કરવી હોય તો ક્ષેત્ર શોધવાની ક્યાં જરૂર છે ! શરૂઆત મંદિરના દ્વારેથી જ થઈ શકે છે. આ ઉક્તિને ગાંધીનગરના કેટલાક યુવાનોએ સાબિત કરીને બતાવી છે. જેના કારણે આજે થોડા ગરીબ પરિવારોના પેટનો ખાડો પુરાય છે અને અનેક જરૂરિયાતમંદોની સેવા પણ થાય છે.

વાત છે સેકટર-૩ ખાતે જૈન દેરાસરની બાજુમાં કાર્યરત મહાવીર ખીચડી ઘરની. ૯ વર્ષથી અવિરતપણે ચાલતી આ સેવામાં ભૂખ્યાંને અન્ન આપવાની પરંપરા જાળવવામાં આવે છે અને જરૂરિયાતમંદને તેની જરૂરિયાતની વસ્તુ આપવાનો પ્રયાસ પણ કરવામાં આવે છે.

પૂ. ચંદ્રશેખરવિજયજી મ.સા.ના શિષ્ય પૂ. પદ્મદર્શન વિજયજી મ.સા.ના હસ્તે આ પ્રવૃત્તિનો આરંભ કરવામાં આવ્યો હતો. એ પછી નગરના સેવાભાવી યુવાનોએ આ સેવા પ્રવૃત્તિને હસતા મોઢે સ્વીકારી લીધી. અને એ ક્રમ આજદિન સુધી કાયમ રહ્યો છે. દર રવિવારે સવારે ૭.૩૦ કલાકે જૈન દેરાસરની બાજુમાં જ આ ખીચડી ઘર ગરીબોના પેટની આગ ઠારવાનો ઉમદા પ્રયાસ કરે છે.

પ્રવૃત્તિની શરૂઆત થઈ ત્યારે તો નામ પ્રમાણે ખીચડીથી જ શરૂઆત થઈ હતી, પરંતુ હવે ખીચડી ઉપરાંત પુરી-શાક પણ ગરીબોને જમાડાય છે. સીઝનમાં રસ જેવી લહેજત પણ અપાય છે અને વાર-તહેવારે પુસ્તકો, નોટબૂક્સ, પગરખાં, મીઠાઈ અને વસ્ત્રો જેવી જરૂરિયાતની વસ્તુઓ પણ જરૂરિયાતમંદ અને જાતે આવી વસ્તુઓ વસાવી શકવા અસમર્થ લોકોને



સંબંધ સજાવે જિંદગી

હરતાં-ફરતાં સાવ અચાનક

- કુંતલ નિમાવત

gsrelation@yahoo.com

આપવામાં આવે છે.

નીલેષભાઈ શાહ , સેવંતીભાઈ શાહ, મેહુલભાઈ શાહ, પ્રફુલભાઈ ભાવસાર, મીનીષ મહેતા, એચ કે શાહ, હિતેશ જૈન, પરેશ શાહ, સંજય શાહ, પ્રણવ પરીખ અને ભરતભાઈ શાહની ટીમ નિત્ય આ સેવા પ્રવૃત્તિ કરે છે અને એક સારી પ્રવૃત્તિ કર્યાનો આનંદ પ્રાપ્ત કરે છે. આ સૌ મિત્રો સંપન્ન ખાનદાનમાંથી આવે છે કે આર્થિક રીતે સદ્ધર પરિવારના છે એવું પણ નથી. દરેકને પોતાનો ધંધો-વ્યવસાય કે નોકરી છે અને કહેવાતી સદ્ધર આર્થિક સ્થિતિ ન હોવા છતાં સેવાનો આ ક્રમ એમણે અખંડ જાળવ્યો છે.

ખીચડી ઘરની શરૂઆત કરી ત્યારે ૧૫૦ જેટલા વ્યક્તિઓને અને ૩૫ જેટલાં બાળકોને દાતાઓ તરફથી આપવામાં આવતા દાનમાંથી ખીચડીનું ભોજન કરાવવામાં આવતું હતું. એ પ્રવૃત્તિમાં પછી તો આ સેવાભાવી મિત્રોને એવો તો રસ પડ્યો અને એવો તો આનંદ મળવા માંડ્યો કે હવે છેલ્લાં ૧ વર્ષથી દાનની પરવા કર્યા વિના પોતાના જ ખર્ચે ગરીબોને અન્નદાન કરવાનો આનંદ આ મિત્રો મેળવી રહ્યા છે. ઈશ્વરે આપ્યું છે, આપણે તો માત્ર વહેંચવાનું છે એવી ભાવના હવે મનમાં ઘર કરી ગઈ છે અને આ ભાવના એટલી બળવત્તર બની ગઈ છે કે ટાઢ-તડકો કે વર્ષાની પરવા કર્યા વિના બારેય માસ થોડા લોકોના પેટની આગ ઠારવાની વૃત્તિને રોકી નથી જ શકાતી. સેવાની પ્રવૃત્તિને યજ્ઞની ઉપમા આવાં ઉમદા ઉદાહરણોથી જ મળી હશે એમ લાગે છે !

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૦૬

સૂર્યાસ્ત : ૦૭.૦૮

## તાપમાન

મહત્તમ : ૩૯.૫ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૬ ટકા ● સાંજે ૩૫ ટકા

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૧ :** જન્નત -૨ : ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :** જન્નત : ૧૦.૦૦

તેઝ: ૧૨.૩૦, ૧૦.૧૫

ધ એવેન્જર (હિન્દી) : ૨.૪૫, ૭.૪૫

ધ એવેન્જર (અંગ્રેજી) : ૫.૧૫

**સ્ક્રીન-૩ :** હાઉસ ફૂલ ૨ : ૧૦.૩૦, ૪.૦૦

જન્નત -૨ : ૧.૩૦, ૭.૦૦, ૯.૩૦

**સ્ક્રીન-૪ :** ફેટસો : ૧૦.૦૦

હેટ સ્ટોરી : ૧૨.૩૦

વીકી ડોનર : ૩.૦૦, ૫.૧૫

હાઉસ ફૂલ ૨ : ૧૦.૦૦

તેઝ: ૧૦.૧૫

### સિને મેક્સ

**સ્ક્રીન-૧ :** ધ એવેન્જર ૩-ડી(હિન્દી) : ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૨ :** તેઝ : ૯.૩૦, ૨.૩૦, ૧૦.૩૦

વીકી ડોનર : ૧૨.૦૦, ૮.૦૦

હાઉસ ફુલ -૨ : ૫.૦૦

**સ્ક્રીન-૩ :** જન્નત- ૨ : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૩૦

**સ્ક્રીન-૪ :** જન્નત- ૨ : ૯.૧૫, ૧૨.૦૦, ૨.૪૫, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૪૫

### સૂર્યા, વાવોલ

જન્નત - ૨ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

મોટા ઘરે મારું સાસરીયું : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### આંબેડકર હોલ

- ગાંધીનગર જિલ્લા પંચાયત વર્ગ-૩ મંડળ દ્વારા સવારે ૯.૩૦ કલાકે પ્રથમ સ્નેહ મિલન કાર્યક્રમ
- અખિલ ગુજરાત રત્નોતર પરિવાર અમદાવાદ દ્વારા સવારે ૧૧.૩૦ કલાકે સામાજિક કાર્યક્રમ

### ટાઉન હોલ

- એસ.બી.આઈ. બેંક કર્મચારી મંડળ દ્વારા સવારે ૯.૦૦ કલાકે કાર્યક્રમ

### સામાજિક

- પરમ પૂજ્ય સદ્‌ગુરૂશ્રી શીવાનંદ સ્વામીજીના દિવ્ય સાનિધ્યમાં શ્રી શિવકૃપાનંદ આશ્રમ ટ્રસ્ટ આયોજિત સમપર્ણ મહાધ્યાન શિબિર સવારે ૫.૦૦ કલાકે, રામકથા મેદાન, સેકટર-૧૧ ખાતે યોજાશે

## આપની આજ

- કિશોર ત્રિવેદી

**મેષ :** આર્થિક પ્રશ્નો હલ થતાં જણાય. વાહન- જમીનનાં પ્રશ્નોનું નિરાકરણ આવી શકે છે. માનસિક ચિંતા હળવી બનતી જણાય.

**વૃષભ :** કૌટુંબિક વિખવાદોનો અંત આવતો જણાય. રોકાયેલા નાણાં પરત મળી શકે છે. આકસ્મિક ધનલાભ થઈ શકે છે. દિવસ સારો પસાર થશે.

**મિથુન :** આવક કરતાં જાવક ન વધે તેની કાળજી રાખવી. સ્નેહીજનો -મિત્રો સાથે યાત્રા- પ્રવાસનું આયોજન થઈ શકે છે. દિવસ આનંદમય રીતે પસાર થશે.

**કર્ક :** સંતાન સંબંધી પ્રશ્નોનો ઉકેલ આવતો જણાય. આર્થિક સ્થિતિમાં સુધારો થઈ શકે છે. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી નીવડી શકે છે.

**સિંહ :** વેપાર- વાણિજ્ય ક્ષેત્રે નવા રોકાણ થઈ શકે છે. ઉપરી અધિકારી સાથે સંઘર્ષમાં ન ઉતરવું. નાણાંકીય મુશ્કેલીઓ દૂર થતી જણાય. આરોગ્ય સુખમય રહે.

**કન્યા :** માનસિક ચિંતામાંઘટાડો થઈ શકે છે. રાજકીય ક્ષેત્રમાં પદ-પ્રતિષ્ઠામાં વધારો થઈ શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની કાળજી રાખવી.

**તુલા :** વાહન- જમીન- મકાનનાં પ્રશ્નોનો ઉકેલ આવી શકે છે. ભાગ્યોદયની તક આપની મળી શકે છે. યાત્રા- પ્રવાસનું આયોજન લાભદાયી સાબિત થઈ શકે છે.

**વૃશ્ચિક :** કૌટુંબિક વાતાવરણ સુમેરભર્યું બની રહે. આર્થિક સ્થિતિ મજબૂત બનતી જણાય. જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. સમય સાનુકૂળ.

**ધન :** સ્પર્ધાત્મક બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. શારીરિક પીડામાં રાહત મળી શકે છે. આવક કરતાં ખર્ચ ન વધે તેની તકેદારી રાખવી.

**મકર :** સ્થાવર મિલકતની ખરીદ- વેચાણ થઈ શકે છે. વેપાર ક્ષેત્રે નવા રોકાણો થઈ શકે છે. માંગલિક પ્રસંગોમાં ભાગ લેવાનું થઈ શકે છે.

**કુંભ :** સામાજિક તેમજ રાજકીયક્ષેત્રમાં પદ -પ્રતિષ્ઠામાં વધારો થઈશકે છે. આવકના સ્ત્રોતમાં વધારો થતો જણાય. કાર્યક્ષેત્રે સમય પ્રગતિદાયક બની રહે.

**મીન :** વિદેશથી શુભ સમાચાર પ્રાપ્ત થઈ શકે છે. વેપાર ક્ષેત્રે નવા આયોજનો વિશે ચર્ચાઓ થઈ શકે છે. કુટુંબીજનો સાથે યાત્રા-પ્રવાસનું આયોજન થઈ શકે છે.

## ચિરવિદાય

- સ્વ. શાંતાબેન મોહનભાઈ પાટીલ (ઉ.વ. ૬૫) ભાટવાડો, મુ.પો. બોરીજ તા., જિ. ગાંધીનગર.
- સ્વ.ફતાજી ભવાનજી ટાંક (ઉ.વ.૫૨) મુ.પો.રાંધેજા, તા.જી.ગાંધીનગર.
- સ્વ.ત્રિકમભાઈ હેમચંદભાઈ ઠક્કર (ઉ.વ.૫૫) બ્લોક નં.૬૪૦, સેકટર-૨૪, આદર્શનગર, ગાંધીનગર.
- સ્વ. જયાબેન અમરતભાઈ સોલંકી (ઉ.વ.૧૯) મુ.પો. ઉટરડા, તા.બાયડ, જી-સાબરકાંઠા